શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
વર્ષ ૨૦૨૬ મા નવી સુવિધાઓ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
(પેટ - આંતરડા - લીવરના રોગની અધતન સારવાર)
ઉપલબ્ધ ડૉક્ટર્સની ટીમ (ઓ.પી.ડી... મંગળવાર - સાંજે ૩ થી ૪)
- ડૉ. ધ્રુવિન શાહ - M.D.Medicine (Gold Medalist), DNB (Gastroenterologist)
- ડૉ. ભાવિન પટેલ - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડૉ. પ્રશાંત ડોબરીયા - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડૉ. નિલેશ ગોધાણી - M.D.Medicine, DNB (Gastroenterologist)
ઓ.પી.ડી... સોમવાર, બુધવાર, શુક્રવાર - સાંજે ૩ થી ૪
- ડૉ. જય ચોકસી - M.S., General Surgery - FMAS, DNB Surgical Gastroenterologist
હિમેટોલોજીસ્ટ ડિપાર્ટમેન્ટ
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડૉ. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈધરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈધશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશીષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, SVNIT સામે, ઈચ્છાનાથ, સુરત-૩૯૫૦૦૭. Mo : 75748 61851
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ તેરસ રવિવાર ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૭

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦


### રાજકીય નાટક બાદ કોલંબોમાં ક્રિકેટનો મહાજંગ

# આજે કોલંબોમાં હાઈવોલ્ટેજ ભારત-પાક. મેચ

## જમ્મુમાં ડ્રોન દ્વારા ૪૦ કરોડ રૂ.નું હેરોઇન ફેંકવામાં આવ્યું

**સાડા છ** કિલોથી વધુ કિંમતનું આ કેફી દ્રવ્ય બીએસએફે કબજે કર્યું

**જમ્મુ, તા. 14 (PTI):** અધિકારીઓએ જણાવ્યું હતું કે, શનિવારે અહીં આર.એસ. પુરા સેક્ટરમાં 40 કરોડ રૂપિયાથી વધુની કિંમતનું 6.5 કિલોથી વધુ હેરોઈન જપ્ત કરીને આંતરરાષ્ટ્રીય સરહદ પર સરહદ પારથી નશીલા પદાર્થોની તસ્કરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે, સરહદ પારથી ડ્રોન દ્વારા સામગ્રી ફેંકવામાં આવી હોવાની માહિતી મળ્યા બાદ બાસ્પુર વિસ્તારના નઈ બસ્તી કરોટાના ગામમાંથી સીમા સુરક્ષા દળ (બીએસએફ)ની 165મી બટાલિયન અને પોલીસના સંયુક્ત ઓપરેશન દરમિયાન આ પ્રતિબંધિત સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે, પોલીસને 13 અને 14 ફેબ્રુઆરીની મધ્યરાત્રિએ શંકાસ્પદ ડ્રોન હિલચાલ વિશે માહિતી મળી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીકના ખેતરોમાંથી 6.582 કિલો હેરોઈન ધરાવતા બે પીળા રંગના પેકેટ મળી આવ્યા હતા અને ત્યારબાદ તેને જપ્ત કરવામાં આવ્યા હતા. અધિકારીએ આ જપ્તીને ડ્રગ ટ્રાફિકિંગ વિરોધી મોરચે એક નોંધપાત્ર સિદ્ધિ ગણાવી હતી.

પ્રવક્તાએ કહ્યું કે, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટની સંબંધિત કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને જપ્ત કરાયેલા પ્રતિબંધિત

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૪-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૦.૮° સે. | ૪૫% |

**ભારે** વિવાદ પછી રમાઇ રહેલી ટી-૨૦ વર્લ્ડ કપની આ મેચ બંને ટીમો માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે

**બંને** ટીમના ખેલાડીઓ પર માનસિક દબાણ પણ વ્યાપક રહેશે, ચાહકોમાં પણ ભારે ઉત્તેજના રહેશે

**અભિષેક** શર્માએ શનિવારે નેટ પ્રેક્ટીસ કરી, આજની મેચમાં રમશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.00 વાગ્યાથી



**કોલંબો, તા. 14 (પીટીઆઈ):** ક્રિકેટમાં અભૂતપૂર્વ રીતે રાજકારણના મિશ્રણને કારણે સર્જાયેલી મડાગાંઠ 'અસ્થાયી' રીતે દૂર થયા બાદ, રવિવારે ટી-20 વર્લ્ડકપના સૌથી રાહ જોવાતા મુકાબલામાં જ્યારે બે કટ્ટર હરીફો સામસામે ટકરાશે, ત્યારે ભારતના મધ્યક્રમ સામે પાકિસ્તાની સ્પિનરોનો મોટો પડકાર હશે.

મેચની પૃષ્ઠભૂમિને જોતા હવે બંને ટીમો કોઈ પણ પ્રકારની કસર છોડવા માગશે નહીં. પાકિસ્તાને મેચના બહિષ્કારના નિર્ણય પર 'યુ-ટર્ન' લઈને પ્રેમદાસા સ્ટેડિયમ પર રમવાનો નિર્ણય કર્યો છે, જે અગાઉ આઈસીસી, બાંગ્લાદેશ અને શ્રીલંકા ક્રિકેટ વચ્ચે અઠવાડિયા સુધી ચાલેલી લાંબી ચર્ચાઓનું પરિણામ છે.

વ્યવહારિક રીતે જોઈએ તો આખું દક્ષિણ એશિયા આ મેચ યોજાય તેવા પ્રયાસોમાં લાગેલું હતું, કારણ કે પ્રસારકો અને સ્પોન્સર્સથી લઈને દર્શકો માટે આ મેચ સૌથી મહત્વની હોય છે. જોકે, બંને ટીમોના ખેલાડીઓએ તેને સામાન્ય મેચ ગણાવી પોતાના પરનો દબાણ ઓછું કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ આ મેચમાં હાર્યા પછી ચાહકોનો રોષ વહોરવો કોઈને મંજૂર નથી.

ભારતના વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્માએ શનિવારે નેટ પ્રેક્ટીસ કરતા તે રવિવારની મેચમાં રમશે તેવા સંકેત મળતા ચાહકો ખુશ થયા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ પત્રકારો સાથેની વાતચીમાં રમૂજી અંદાજમાં કહ્યું હતું, 'જો તમે ઈચ્છો છો તો અમે અભિષેકને રમાડીશું.'

પ્લેઈંગ ઈલેવનમાં વોશિંગ્ટન

...અનુસંધાન પાના 5 પર





